Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૫
૫ માર્ચ

ફાગણ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઈ. સ. ૧૯૬૫

**जे पावकम्मेहि धणं मणुस्सा, समाययन्ती अमयं गहाय ।**
**पहाय ते पासपयट्टिए नरे, वेराणुबद्धा नरयं उवेन्ति ॥ २ ॥**

પાપ કર્મો દ્વારા એટલે છળકપટ કરીને, છેતરીને, ભેળસેળ કરીને અને આવી બીજી અનેક નહિ કરવા જેવી પ્રવૃત્તિઓ કરીને, જે મનુષ્યો અમૃતની પેઠે ધનને સમજીને પેદા કરે છે–કમાય છે–ભેગું કરે છે, તેઓ ફાંસામાં બંધાએલા હોઈ એટલે રાગ દ્વેષ, તૃષ્ણા વગેરે દોષોમાં ફસાયેલા હોઈ છેવટે ધનને છોડીને ચાલી નીકળે છે. એવા માણસો કુટુંબમાં કે સમાજમાં વૈર બાંધીને અંતકાળે નરકગતિને પામે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૮૧ મું : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શાનો છે અભિમાન ? | ('સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ) | ૩૭ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણુકો બીજો-લેખાંક : ૫ | (સ્વ. મૌક્તિક) | ૩૮ |
| ૩ | પૂજા+અરિ=પૂજારી | ('સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ) | ૪૧ |
| ૪ | ગ્રન્થના સાતત્યની અભિલાષા | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા) | ૪૪ |
| ૫ | સમકિત અંગે તાત્વિક વિચારણા | (શાહ ચત્રભુજ જેચંદ) | ૪૬ |
| ૬ | ચાર કષાય સંબંધી એક ઉલ્લેખનીય કૃતિ [હિંદી લેખ] | (અગરચંદ નાહટા) | ૪૮ |



શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઇએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થદંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે. લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**



### રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર.
૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની પાંચમી તારીખે.
૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું દાણાપીઠ પાછળ, ભાવનગર.
કયા દેશના-ભારતીય.
૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
કયા દેશના-ભારતીય.
૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.
૬. માસિકના માલિકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર.

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૫-૩-૬૫ દીપચંદ જીવણલાલ શાહ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૫
ફાગણ
વીર સં. ૨૪૯૧
વિક્રમ સં. ૨૦૨૧

## શાનો છે અભિમાન ?

કવિ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

( રાગ—બહાર )

શાનો છે અભિમાન તુજને શાનો છે અભિમાન ?
ક્ષણજીવી સહુ મિથ્યા જગમાં કાં ભૂલે છે ભાન ? તુજને૦

કયું કાર્ય મોટું કીધું છે જગ લેશે તુજ નામ ?
અપરંપાર જગતમાં મોટા ઇતિહાસે જસ નામ;
કાળતણા એ થયા કોળીયા રહ્યા ન તેના ઠામ,
રાજા ચક્રી વાસુદેવને જેની મોટી હામ. તુજને૦

અલ્પ જ્ઞાની માયા કપટી તુચ્છ તાહરા કામ,
જ્ઞાની રવિ આગળ તૂં શોભે આગિયો તારૂં નામ;
ગ્રંથકાર કવિ કલાકારમાં કયાં છે તારૂં ઠામ ?
ફોગટ મલકાયે તૂં મનમાં અહંકાર વશ કામ. તુજને૦

ફૂલાએ તૂં મનમાં મોટો અક્કડ ધરતો વામ,
ફક્કડ થઇને ફરે જગતમાં તારૂં નરકે ઠામ;
બૂઝ બૂઝ તૂં મનમાં ચેતી ઓળખે સ્થિતિ તમામ,
ચેતીશ તો જ તરીશ જગતમાં ખોટુ ન ધરીશ માન. તુજને૦

અહંભાવ આત્માનો દુશ્મન જાણી તજ અભિમાન,
વિનય ચિત્તમાં ધારણ કરતા સરશે તારૂં કામ;
અહંકારથી ડૂબ્યા કેઇક કાળા કીધા નામ,
'બાલેન્દુ' વિનવે છે તુજને ધાર વિનય ગુણધામ. તુજને૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

**મણકો ૨ જો :: લેખાંક : ૫**

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

સ્વપ્ન સંબંધી ત્યાર પછી અનેક વાત કરી સ્વપ્ન પાઠકોના આગેવાને પ્રત્યેક સ્વપ્નનું ફળ નીચે પ્રમાણે જણાવ્યું:-

રાજન્! ૧. રાણીએ ચાર દાંતવાળો હાથી પ્રથમ સ્વપ્નમાં જોયો, તેથી આપને ચાર પ્રકારના ધર્મને કહેનાર પુત્ર પ્રાપ્ત થશે: તે ચાર પ્રકાર એટલે દાન, શીલ, તપ અને ભાવ. એ ચાર પ્રકારનો ધર્મ એ લોકોને બતાવશે. ચક્રવર્તી તો બારે થઇ ગયા છે તેથી એ જરૂર તીર્થંકર જ થશે અને તે તરીકે એ ધર્મને કહેશે.

૨. 'બીજા સ્વપ્નમાં રાણીએ વૃષભ-બળદને જોયો. બળદ જેમ બીયાનું આરોપણ કરે છે, તેમ તમારો એ પુત્ર આ ભરતક્ષેત્રમાં બોધિબીજનું વાવેતર કરશે.'

૩. 'ત્રીજા સુપનમાં રાણીએ સિંહને જોયો તેના ફળ તરીકે આ દુનિયામાં જે કામરૂપ ઉન્મત્ત હાથીઓ ભવ્ય જનરૂપ વનનો નાશ કરે છે તેમને સિંહ હઠાવીને વનનું રક્ષણ કરશે. એ પોતે કામદેવ ઉપર વિજય મેળવશે અને અનેક પ્રાણી મારફત એ કામદેવ પર વિજય મેળવવાશે.'

૪. 'રાણીએ ચોથા સ્વપ્નમાં મહાલક્ષ્મી જોઈ તેના પરિણામે એ પુત્ર વરસીદાન દઇ પોતાનું તીર્થ પ્રવર્તાવશે. એમની તીર્થંકરપણાની ઋદ્ધિ દુનિયાને તે બતાવશે અને પોતાની મોટી નામના કરશે. આ પ્રકારની તીર્થપતિની પોતાની ઋદ્ધિને એ જમાવી એનો ભોગવનાર થશે.'

૫. 'પાંચમા સ્વપ્નમાં માળાયુગલ જોયું એટલે બે માળા જોઇ, તેને પરિણામે તે માળાની પેઠે તેમ તે પણ ત્રણ ભુવનને મસ્તકે ધારણ કરનારની માતા થશે. દુનિયા એ પુત્રની કહેલી વાતને મસ્તકમાં ધારણ કરશે અને રાણી આવા સુપુત્રની માતા ગણાશે.

૬. 'છઠ્ઠા સુપનમાં રાણીએ ચંદ્રનું દર્શન કર્યું તેના પરિણામે તે ભવ્યજનરૂપ કમળને વિકાસ કરાવનાર થશે, અનેક ભવ્યો તેને જોઇને શાંતિ પામશે અને તે પુત્ર પણ અનેક ભવ્યોને શાંતિ આપનાર થશે અને દિવ્ય સ્વરૂપ ધારણ કરશે.'

૭. 'સાતમા સ્વપ્નમાં રાણી એ ઝળહળતા સૂર્યનું દર્શન કર્યું તેના ફળ તરીકે એ પુત્ર તેજસ્વી કાંતિને ધારણ કરનાર થશે અને તેની સામે નજર નાખવી તે પણ મુશ્કેલ બનશે.'

૮. 'આઠમા સ્વપ્નમાં રાણીએ ધ્વજ-ધજાગરાનું દર્શન કર્યું તેના ફળ તરીકે તેને આવનાર પુત્ર ધર્મધ્વજ ફરકાવશે અને તેની કીર્તિ આકાશમાં ઊડી સુપ્રસિદ્ધ થશે અને તેની ઊડતી ધજાને કોઈ પણ આવ્હાન નહિ કરે.'

૯. 'નવમાં સ્વપ્નમાં રાણીએ કળશ જોયો તેનો અર્થ એ સમજવો કે તે આવનાર પુત્ર ધર્મમહેલના શિખર પર રહેનાર થશે અને એના દર્શન ઘણે દૂરથી થશે અને તે ધર્મમહેલ પર શિખર ચઢાવશે. આ દોરવણી આપી લોકોને સુખી કરવાનું કાર્ય આ આવનાર પુત્ર કરશે અને તેનો મહિમા દૂર દૂરથી ગણાશે અને દેખાશે.'

૧૦. 'દશમા સ્વપ્નમાં રાણીએ પદ્મ સરોવર દેખવાને પરિણામે રાણીને થનાર પુત્ર સોનાના કમળો પર સંચાર કરનારો થશે અને તે જ્યારે ચાલશે ત્યારે પદ્મ સરોવરના કમળો જેવાં કમળો તેના પગ નીચે આવશે. આવો તે સુપુત્રનો મહિમા થશે અને તેની માતા હોવાનું માન રાણીને મળશે અને આપને પિતા થવાનું માન લોકો આપશે.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧. ‘અગિયારમાં સ્વપ્નમાં રાણીએ સમુદ્રને જોયો, તેથી એ આવનાર પુત્ર કેવળજ્ઞાન વગેરે અનેક રત્નોનું સ્થાનક થશે. સમુદ્ર જેમ અનેક રત્નોનું ઉત્પત્તિ સ્થાન અને રહેવાનું સ્થાન ગણાય છે તે આવનાર કુમાર પણ અનેક સુંદર રત્નોને રહેવાનું સ્થાન થશે.’

૧૨. ‘બારમા સ્વપ્નમાં રાણીએ દેવવિમાન જોયું તેને પરિણામે આવનાર પુત્ર અનેક દેવોનો પૂજનીય બનશે અને વૈમાનિક, ભુવનપતિ જ્યોતિષ્ક અને વ્યંતર દેવોને તે પૂજનીય થશે. દેવોના આ ચારે પ્રકારો જાણીતા છે તેઓને તે સેવા કરવાલાયક થશે અને કાંઈ નહિ તો એક કરોડ દેવો તો તેની સેવા–પૂજાનો ઓછામાં ઓછા હંમેશ લાભ લેશે.’

૧૩. ‘રાણીએ તેરમા સ્વપ્નમાં રત્નોનો રાશિ–ઢગલો જોયો તેના પરિણામે આવનાર પુત્રનું સમવસરણ રત્નથી શોભાએલું રહેશે અને તેમાં બેસી તે દેશના દેશે.’

૧૪. ‘અને ચૌદમાં સ્વપ્નમાં રાણીએ નિર્ધૂમ અગ્નિ–ભડભડતો ધૂમાડા વગરનો અગ્નિ જોયો જેને અંગે તે ભવ્યજન રૂપ સુવર્ણને શુદ્ધ કરનાર થશે.’

‘રાજન્! આપે જોયું હશે કે આપને ઘેર લક્ષણવંત કુમારનો અવતાર થશે અને ચૌદ સ્વપ્નનાં સમુચ્ચય ફળ તરીકે તે લોકના અગ્રભાગ પર બીરાજમાન થશે. એ કુળદીપક પુત્રથી આપનો જયજયકાર થશે. ખરેખર, આપ ખૂબ ભાગ્યશાળી છો. અને આપને હવે પછી એ ભાગ્યની ખાતરી થઈ આવશે.’

આવી સારી વાણી સુપનપાઠકો પાસેથી સાંભળી રાજા–રાણી ખુશી થયા. રાણી પણ પડદા પછવાડે બેસી આ આખી વાત અક્ષરે અક્ષર સાંભળતા હતા. અને તેઓ પણ સ્વપ્નનું આ ફળ સુપનપાઠકોને મુખેથી સાંભળી રાજી થયા અને વચ્ચે વચ્ચે જરૂરી વિગત કહેતા ગયા. સુપનપાઠકને યોગ્ય દક્ષિણા આપી ત્યાર બાદ વિસર્જન કર્યા. તેઓએ જતાં જતાં પણ સ્વપ્નનાં સામાન્ય ગુણગાન કર્યાં અને સ્વપ્ન ફળ વર્ણવ્યું. અત્યારના વૈજ્ઞાનિકો સ્વપ્ન એ શું ચીજ છે તેનો લાંબો ખુલાસો આપતા નથી. યાદશક્તિ લાગણી વગેરે સંબંધમાં તો થોડા અનુમાનો કરે છે, પણ સ્વપ્ન એ શું ચીજ છે, તે કોઈ જણાવી કે સમજાવી શકતા નથી. ભારતવર્ષના નિષ્ણાતો સ્વપ્નાં એ શું ચીજ છે અને આત્માના વિકાસમાં તેને શું સ્થાન છે તે પર અનેક ગ્રંથો લખી ગયા છે અને તે પર વિસ્તારથી વિવેચન કરી ગયા છે અને તે ગ્રંથો પૈકી કેટલાંક પુસ્તકો તો આજ પણ લભ્ય છે. સ્વપ્ન આવવાનાં કારણો અને તેનું ફળ તેઓએ જોઈ જાણી શકતા હતા અને તેઓ આ સ્વપ્ન સંબંધી વાતને મતિજ્ઞાનના એક પ્રકાર તરીકે સારી રીતે ઝળકાવતા હતા. વિજ્ઞાન જે વાત પર પ્રકાશ પાડી શકતું નથી તેનો ખુલાસો ભારત વર્ષના નિષ્ણાતો આપે છે તે હકીકત જ્યારે આપણા લક્ષ્ય પર આવે છે ત્યારે ભારતવાસી તરીકે આપણને એક પ્રકારનું ગૌરવ થાય છે. અહીં તો સ્વપ્ન સંબંધી ઘણી જ જરૂરી વાત લખી છે, પણ શાસ્ત્રકારો તો તેની વિગતો આપે છે તે વાંચતાં જેને એ વિષયમાં રસ હોય તેને મજા આવે તેવું છે અને ભારતવાસીનું ગૌરવ વધારનાર તે બાબત હોઈ આપણી છાતી ગજગજ ઉછળે છે અને આપણને એક પ્રકારનો તેમાં આનંદ આવે છે. સ્વપ્નશાસ્ત્રની હકીકત જેઓને તેમાં રસ પડે તેણે પુસ્તક મંગાવી વાંચવા સમજવા યોગ્ય છે, અને આપણે સારે નસીબે તે આજ સુધી જળવાઈ રહ્યા છે, આ વાતનો કાંઈ નહિ તો શોધક બુદ્ધિએ લાભ લેવાની આપણી ફરજ છે.

## પ્રકરણ ચોથું

**ગર્ભ સ્થંભનઃ–**

ઉપર જણાવેલ સુસ્વાન સૂચિત ગર્ભનું પાલન કરતાં ત્રિશલાદેવી વિચરે છે અને તેમને સારાસારા દોહદો થાય છે તે સર્વ રાજા સિદ્ધાર્થ પૂરા કરે છે અને તેમને સર્વ પ્રકારનો આનંદ થાય તેવું વાતાવરણ રચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરમ્યાન સુવર્ણની બાબતમાં વૃદ્ધિ પામ્યા તથા તંદુરસ્તી પામ્યા. અનેક માણસોએ પોતાના નિધાનો જમીનમાં દાટ્યાં હોય અને તે સંબંધી વાત કહેવાનું વિસરી ગયા હોય અથવા તેવો વખત ન મળ્યો કે રહ્યા હોય તેવું ઘણીવાર બને છે. તે યુગમાં જાનમાલની સલામતિ ઓછી હતી, લોકો પૈસા કોઇ વેપારીને ધીરવા કરતાં જમીનમાં નાખતા હતા તેવા અનેક ધનથી સિદ્ધારથનો ભંડાર દેવો તિર્યગ્ ભૃંભકદેવો પૂરતા હતા તથા લોકો ગામ, નગર, જંગલ, રસ્તાઓ, જલાશયો, આશ્રમો, તીર્થસ્થાનો, પહાડ, પર્વત બગીચામાં પોતાના સોના રૂપાના પૈસાને અથવા દાગીનાને જમીનમાં નિશાની રાખી દાટતા હતા, તે સર્વને પેલા દેવો શોધી શોધીને બહાર કાઢતા હતા. તે લોકોના વારસોને તે ધન ગયેલું જ હતું. ખોવાઇ ગયેલું હતું. જડી આવે તેવા સ્થિતિમાં નહોતું, તેવા ધનથી લાવી લાવીને સિદ્ધાર્થ રાજાનું ઘર ભરી દીધું, તેથી સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણીએ તો નિશ્ચય કર્યો કે આ ગર્ભથી જો પુત્રનો જન્મ થશે તો તેનું નામ વર્દ્ધમાન પાડશું. આવો સંકલ્પ માતપિતાએ કર્યો અને ગુણનિષ્પન્ન નામ પાડવાનો મનમાં નિશ્ચય કરી એક બીજાને સગા સંબંધીને જણાવી પણ દીધો, જો કે આનો આધાર તો જન્મ લેનાર પુત્ર હશે તે પર હતો, પણ તેઓને મનમાં સુપન પાઠકની હકીકત બેસી ગઈ હતી.

એવી સારી રીતે ગર્ભમાં રહી ઉધરતાં ભગવાન ત્રણ જ્ઞાનસહિત હતા. તેઓનું ચ્યવન થાય છે તે વખતે તેઓને આપણા ચાલુ મતિ અને શ્રુતજ્ઞાન ઉપરાંત અવધિ જ્ઞાન હતું, તેથી તેઓ ઉપયોગ ચૂકે ત્યારે બધા અમુક મર્યાદામાં રહેલા પદાર્થોને જાણી તથા દેખી શકતા હતા. દરેક પદાર્થને આકાર હોય છે, તેને જાણવા એ અવધિજ્ઞાનનો વિષય છે. એ જ્ઞાન કેવા પ્રકારનું હશે તે જાણવા દેખવાનો આપણો આ કાળમાં વિષય નથી, કારણ કે પંચમ કાળમાં અવધિજ્ઞાન થતું નથી. અનુમાન થાય છે કે વસ્તુનો આકાર તે જ્ઞાનથી સ્પષ્ટ થતો હશે અને તેથી વસ્તુનું જ્ઞાન દેખાતું હશે, જણાતું હશે. આવા જ્ઞાનને અંગે વર્ધમાને જોયું કે પોતાના હાલવા ચાલવાથી માતાને અમુક પ્રકારની પીડા થાય છે અને જો તેઓ પોતાની ગતિ બંધ કરી દે તો આવી પ્રેમી માતાની પીડા ઓછી થાય અને પોતાને પણ ફરજ બજાવ્યાનો આનંદ થાય.

આવા સુંદર વિચારને પરિણામે માતાને કોઈ જાતનું કષ્ટ કે કોઇ પ્રકારની પીડા ન થાય તે હેતુથી ભગવંત ગર્ભમાં એક સ્થાને સ્થિર રહ્યાં અને પોતાનું હલન ચલન તદ્દન અટકાવી દીધું. આ વલણ તેમણે માતાને સુખ થાય અને પીડા કષ્ટ ન થાય તેવા શુદ્ધ ઇરાદાથી કર્યું હતું. અને તેમ કરવામાં તેમની માતૃભક્તિ હતી. એના પરિણામ ઉપર તેમણે ધ્યાન ન આપ્યું. અને અવધિજ્ઞાનનો તો ઉપયોગ મૂકે ત્યારે જ તેનું જ્ઞાન થાય. એ ભગવંતના ગર્ભના સ્થિર રહેવાનું પરિણામ શું થયું તે આપણે જોઈએ.

મતિજ્ઞાનનો વિષય બુદ્ધિ શક્તિનો છે. અક્ષરનો અનંતમો ભાગ સર્વ પ્રાણીને ઉઘાડો રહે છે. એથી સર્વ પ્રાણીને મતિજ્ઞાન તો હોય જ છે આ પ્રથમ પ્રકારનું જ્ઞાન છે. આ જ્ઞાન પોતાના તાબામાં છે. અને બીજા શ્રુતજ્ઞાનનો વિષય બીજા પાસેથી સાંભળેલ, પારકાએ આપણને જણાવેલું જ્ઞાન છે તે જ્ઞાન બીજાના તાબામાં છે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજા+અરિ=પૂજારી

( લેખકઃ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

અરિહંત ભગવંતની પૂજા કરવી એટલે પ્રભુ માટે પોતાની અનન્ય ભક્તિ આદરભાવ બતાવવાનું એક સાધન છે. ઉપરના શીર્ષક ઉપરથી ભૂલમાં એવી કલ્પના કોઇ કરી ન લ્યે કે, આપણે પ્રભુની પૂજા કરવા માટે પગારદાર પરધર્મી જે નોકરો રાખીએ છીએ તેમના માટે અમારો કહેવાનો કોઈ ઉદ્દેશ છે. આપણે જાણી જોઇને પગાર આપી પરધર્મી લોકોને એ કામ સોંપીએ છીએ. એમાં તો આપણે પોતાની નબળાઈ અને પ્રભુની પૂજા કરવાની નાલાયકી પોતાના મોઢે જ કબુલ કરી લીધી છે. ત્યારે પુજારીઓ વગર ભાવનાએ પેટ તરફ નજર રાખી એ કામ કરતા હોય એ દેખીતુ જ છે. તેઓને પૂજાના અરિ એટલે શત્રુ ગણવામાં લાભ શો! તેઓ તો મંદિરના એકાદ ગોખલામાં પોતાના પૂજ્ય દેવતા ગણપતિ, દેવી કે શિવલિંગ આદિ સ્થાપન કરી તે દેવતાને જ નમન કરતા હોય. તેમના ઇષ્ટદેવતા તે હોય છે. તેઓ સાચુ મનનું નમન પૂજન તો તે દેવતાનું કરતા રહે છે. અરિહંત વીતરાગ ભગવંતની પૂજાનો તેમની સાથે શો સંબંધ! તેથી તેમને પૂજાના દુશ્મન ગણવાનો શો અર્થ! પરધર્મીઓ પોતાના ઉદરભરણ માટે અરિહંત પ્રભુની ભાડુતી પૂજા કરતા હોય એઓને પૂજારી ગણવાનો કાંઇ જ અર્થ નથી. સાચી રીતે પુજાના દુશ્મન તો આપણે પોતે જ સિદ્ધ થઇએ છીએ. જે કાર્ય આપણે પોતેજ કરવુ જોઇએ તેનો તિરસ્કાર કરીએ અને એ તો મજુરોનું કામ હોય એમ ગણી ભાડુતી લોકો પાસે કરાવીએ તેથી સાચા અર્થમાં આપણે પૂજારી શી રીતે ગણાઇએ? પુજારી શબ્દનો અર્થ એવી રીતે આપણે હીન કરી મૂકયો છે. આપણે ભક્ત કહેવામાં ગૌરવ માનીએ અને પૂજારી કહેવામાં હીણપત માનીએ એ આપણા મનની વિકૃતિ કે બીજુ કાંઈ! આપણે તો ત્રિભુવન પૂજ્ય દેવાધિદેવ અરિહંત ભગવંતના પૂજારી કહેવડાવવામાં ભૂષણ અને ગૌરવ માનવુ જોઇએ. તેને ઠેકાણે તો આપણે સામે જ પૂજાના દુશ્મન થઈ બેઠા છીએ.

ભગવંતના અંગ ઉપરથી આભરણો કેવી રીતે ઉતારવામાં આવ્યા, પ્રભુના અંગ ઉપરથી ધૂલિકણ શી રીતે દૂર કરવામાં આવ્યા, પ્રક્ષાલનનું પાણી અને દુગ્ધ શી રીતે તૈયાર કરવામાં આવ્યું. અને પ્રભુના અંગ ઉપર એ કેવી રીતે અભિષિક્ત થયું તેની આપણે દરકાર કયાં છે? આપણી સામે તો ગંધનો કચોળો આવી ઉભો રહ્યો એટલે આપણે રાજી થઇ જઇએ. પૂર્વની ઘટનાનું નિરીક્ષણ કરવાની આપણને શી જરૂર છે? કારણ કે, આપણે તો એ બધું કામ પૂજાથી જુદુ ગણી તેનું કોન્ટ્રેક્ટ આપી દીધેલું હોય છે. અને આપણા પૈસાથી એ ખરીદેલું હોય છે, ત્યારે તેની તપાસ રાખવાની આપણને શી જરૂર! એ રીતે ધર્મ કાર્ય ખરીદી શકાય છે. કહો પૂજારી ગણાવાનો કોઇ આપણને અધિકાર છે? આપણે પૂજાના અરિ નહીં તો બીજા કોણ?

પૂજાનો અર્થ એટલો મર્યાદિત આપણે કરી રાખ્યો છે કે, હાથમાં કેસર મિશ્રિત ચંદન ભરી વાટકી લઈ પ્રભુના અંગે તિલક કરીએ. બસ, થઈ પૂજા. એમાં ભલે વિવેક ન હોય, ભાવના ન હોય. કે પ્રભુ માટે આદર પણ ન હોય. ટપકા કરી દેવા અને ચાલવા માંડવું! એવા આપણે પૂજારી બની ગયા છીએ. લગારે શ્રમનું કામ ન હોય, થોડો પણ વખત ખોવાનો ન હોય. લે ભગવાન! અમે તારા ભગત ને તૂં અમારો દેવ! અમને તો આમ કરી મફતના ભગત બનવાનું છે. આ અમારી કોરી પૂજા. અને બન્યા નામધારી શ્રાવક! મોટા ભગતો તો વળી જુદાજ હોય છે. સીધા પ્રભુજીની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામેજ ઉભા રહી બીજાની દર્શન ભાવનાને રોકી રાખે! વારંવાર પૂજા કરતા ધરાયજ નહીં. વારંવાર પ્રભુના અંગોને સ્પર્શ કરે, અને કોઇ અપૂર્વ ભાવનાને પ્રગટ કરતા હોય, અનેક ભાઈ બહેનોના દર્શનમાં અને પૂજામાં આડા આવી ઊભા રહે. સૌથી ભગવાનના લાડકવાયા અને સાચા ભગત ગણાવા માટે ખૂબ વાર પ્રભુ આગળ આડા ઊભા રહે, આવા પૂજારીઓ પણ સાચે જ પૂજાના દુશ્મન ગણાય એમાં શંકા નથી.

ધૂપપૂજાના ઘણા ભગતો તો ધૂપ કરવાની અગરવાટ પ્રભુના નાક સુધી પહોંચાડે અને મોઢેથી ધૂપપુજાના દુહાઓ ઉચ્ચસ્વરે વાંરવાર પોકારી કોલાહલ મચાવતા હોય છે. એમને મન પ્રભુની ઘ્રાણેંદ્રી બૂઠી થઇ ગઇ છે. અને આ ભગતનું ધૂપ પ્રભુના નાકમાં ઘુસવુજ જોઇએ. કારણ એજ સાચા ભગત છે એમ શી રીતે સિદ્ધ થઇ શકે? વાસ્તવિક જોતાં ધૂપથી ત્યાંનું વાતાવરણ સુરભિગંધમય કરી ભાવના શુદ્ધ થવામાં મદદરૂપ થાય એ ધૂપનો ઉદ્દેશ હોય છે. પણ ઘણા ભગતો ત્રણ-ચાર અગરબત્તીના કટકા સાથે સળગાવી ખૂબ ધૂમાડો કરી મૂકે છે. હેતુ એ હોય છે કે, પોતે બધાઓ કરતા મોટા છે એમ લોકોના મનમાં ઠસાવવું! પોતાની એ કૃતિથી કાંઈક પ્રભુની આશાતના થઈ લોકોમાં પણ કાંઈક અણગમો પેદા આપણે કરીએ છીએ એવો વિચાર કરવાની એમને ફુરસદ જ કયાં હોય છે? તેથી જ એવા ધૂપભગતો ખરે જ પૂજાના અરિજ સિદ્ધ થાય છે એમાં જરાએ આશ્ચર્ય માનવાનું કારણ નથી.

કોઈ પૂજા કરતું હોય તેમાં પોતે વચમાંથી જ મોટેથી એકાદ દૂહો લલકારી પ્રભુના અંગ ઉપર ટપકા કરવા શરૂ કરી દે, અને પહેલા પૂજા કરી રહેલાનો મનોભંગ કરે અને એમ કરવામાં પોતાનું સર્વોપરીપણું બતાવે એવા પ્રસંગે કેટલીએક વખતે આત્માનો પરમ શત્રુ જે ક્રોધ કે જેનો સર્વથા નહીં તો છેવટ અંશતઃ નાશ કરવાનો ઉદ્દેશ પૂજા કરવામાં રખાએલો છે, તે જ આત્માનો મહાન દુશ્મન આવી ઉભો રહે છે. અને આપસમાં બોલાચાલી થવી પડે છે, આંખ લાલ થાય છે. અને એ પ્રશમરસ નિતરતી મૂર્તિ આગળ રણ ખેલાય છે. છતાં એવા ભગતોને સાચા અર્થમાં પૂજારી શી રીતે ગણી શકાય?

પૂજા કરતી વખતે પ્રભુના અંગપ્રત્યંગો આપણે વિશોભિત કરીએ છીએ કે કેમ? પ્રભુના મુખારવિંદને વિચિત્ર રૂપ તો આપણે આપતા નથી ને? એનો વિચાર કરવા જેટલો વખત છે જ કયાં? એ તો લપ પતાવવાની છે ને? દુકાન અને ગ્રાહકો રાહ જોઈ બેઠેલા હોય તેને જવાબ આપવા માટે વ્હેલા જવુ જોઇએ ને! આ છે આપણી પૂજા કે પ્રભુના અંગ ઉપર ટપકા કરવાની પદ્ધતિ! આવા પૂજારીઓને પ્રભુના સાચા પૂજારી ગણવાની હીંમત કોણ કરે!

સ્ત્રીઓ પ્રભુના ડાબે પડખે ઉભા રહી પૂજા કરે અને પુરૂષો જમણા પડખે ઉભા રહી પ્રભુની એકેકની મર્યાદા રાખી પૂજા કરે એવો સામાન્ય નિયમ છે. છતાં તેનું યથાસ્થિત પાલન કોણ કરે! આપણને તો ગમે તેમ કરી કામ પતાવવું રહ્યું. ભલે પ્રભુના દરબારમાં પ્રભુની આશાતના થાય, વિનય ન સચવાય, પણ આપણે તો દોડાદોડ ધામધુમ કે ગમે તેમ કરી ટપકા કરી છુટા થવાનું હોય ત્યારે આવા નિયમો તરફ જોવાય જ શા રીતે! પોતાની મોટાઈ અને સગવડ આગળ બાકી બધું ગૌણ ગણનારા ભગતો ભલે પોતાને સાચા પૂજક માનતા હોય પણ પૂજા વિધિ તેમનાં પાસેથી હજારો માઈલ દૂર છે. એ સારી પેઠે સમજી રાખવું જોઇએ. આવા પૂજકો પાસેથી પ્રભુ બચાવે!

નાની દીવીઓ પ્રગટાવી વારંવાર આરતી ઉતારવાની પ્રથા ખૂબ વધી પડી છે. લોકો અવર-જવર કરતા હોય અને વચમાં આ દીવીઓ દેખાવો પ્રગટ થયા કરે છે અને આરતીઓ બોલાય છે. લોકો તો આડે ઉતરતા જ હોય એવી આરતીઓ પતાવ્યા પછી એ દીવાઓ ગમે ત્યાં મૂકી દેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વખત એક બહેનના કપડા સળગી ઉઠયાનો દેખાવ પણ અમોએ જોયો છે. આ તે કેવી ઘેલછા ! પૂજા કરતા અનેક જાતનો વિવેક રાખવો પડે એ વસ્તુ આવા પૂજારીઓ કે પૂજારણો ભૂલી જ જાય છે અને પોતાની એ ઘેલછા ચલાવ્યા જ કરે છે. એને શું નામ આપવું એ અમો સમજી શકતા નથી.

કોઈ મધુર અવાજે ગાયનના નિયમો જાળવી સ્તવન ગાતું હોય ત્યારે તે જ વખતે પોતાનો કર્ણ-કર્કશ ધ્વનિ ઉચરી જામેલા રંગને કલુષિત કરી મુકે એ કેવી ભક્તિ હોય ? પોતાનું એ કઢંગુ ગાયન બંધ રાખી મધુર સ્વરનું અનુમોદન કરતા રહીએ તો કેવું સારૂ ? દરેક માણસને સ્તવન બોલવાનો હક છે એ વસ્તુ કબુલ રાખીને પણ એમ કહી શકાય કે, કરવું કરાવવું અને અનુમોદન કરવું એ દરેક ક્રિયામાં સરખુંજ ફળ મળે છે ત્યારે પોતાના નાદરંગવિહીન સ્તવન ગાઇને બંધ રાખવું એમાં કાંઇપણ ઓછું થાય છે એમ અમો માનતા નથી. અને સાચા આપણે પૂજક બનવું હોય તો પોતાના મન ઉપર એટલો સંયમ મૂકવામાં કાંઇ ખોઇએ છીએ એમ પણ નથી.

અમે આટલું લખ્યું એમાં અમારો હેતુ વગર ફોગટની ટીકા કરી કોઇને વગોવવાનો અમારો ઉદ્દેશ નથી. પણ આપણે જે ત્રિભુવનનાથ ભગવંતની પૂજા કરીએ છીએ તેમાં સાચો રંગ જામે, આપણું મન પ્રભુ સન્મુખ થઈ આપણો આત્મા કાંઇક થનગની ઉઠે, આપણું આખું શરીર પુલકિત થઈ ઉઠે, અમૃત ક્રિયાનો આપણને લાભ થાય, આપણો આત્મા ગુણસ્થાનકોમાં ઉત્તરોત્તર આગળને આગળ વધતો રહે એટલો જ છે. આપણે જાણ્યે કે અજાણ્યે જે દોષ કરીએ છીએ તે આપણી નજર સામે ઊભા રહે અને તેથી છુટકારાનો આપણે માર્ગ શોધી શકીએ એવો અમારો હેતુ છે.

હજુ તો બીજા અનેક દોષો અમારી નજર સામે ઉભા છે. પણ માર્ગ સુચન માટે જ આ થોડા દોષો આપણી નજર સામે ઉભા કરવામાં આવેલા છે. પૂજારી નોકરોના પણ અનેક દોષો અને વિવેકહીનતા અને લુચ્ચાઈ અમારી નજર સામે છે. બીજી કોઈ વખતે એ માટે અમો વધુ લખવા ધારીએ છીએ. અભાવિતપણે અમારા લખાણથી કોઈનું મન દુભાયુ હોય તો તે માટે ક્ષમા યાચના કરીએ છીએ.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

—આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજી**એ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા

લખો :—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રન્થના સાતત્યની અભિલાષા

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

સામાન્ય રીતે મનુષ્યને પોતાને પ્રિય એવી વસ્તુ વગેરે સદાકાળ ટકી રહે એવી અભિલાષા રહે છે. ગ્રંથકારને મન પોતાનો ગ્રંથ અભીષ્ટ વસ્તુ હોઈ એના સાતત્ય માટે એ ઉત્સુક જણાય તે સ્વાભાવિક છે. આમ હોઇ પોતાનો ગ્રંથ ચિર કાળ સુધી સચવાઇ રહે અને એ સતત વંચાયા કરે એવી ભાવના કેટલાક ગ્રંથકારોએ વ્યકત કરેલી જણાય છે. આ બાબત ભિન્ન ભિન્ન ભાષામાં લખાયેલી જોવાય છે. આના કેટલાક નમૂના હું આ લેખ દ્વારા રજૂ કરું છું.

મેરુતુંગસૂરિના શિષ્ય **માણિક્યસુન્દરે ચન્દ્રધવલ-ધર્મદત્તકથા** રચી છે એની એક [1]હાથપોથીના અંતમાં નિમ્નલિખિત અશુદ્ધ પદ્ય છે:-

"यावन्मेर (रु) महि यावद्
यावचं ( चं )द्रदिवाकरो (रौ)।
वाच्यमाना जनैस्तावत् कथा [ : ]
( ऽ ) सौ लभतां प्रप्त: ( ! ) ॥"

અહીં ગ્રંથકારે પોતાની આ કથા માણસો ક્યાં સુધી વાંચતા રહે તે માટે કહ્યું છે કે જ્યાં સુધી 'મેરુ' પર્વત, પૃથ્વી, ચન્દ્ર અને સૂર્ય રહે ત્યાં સુધી એ રહે. આમ સમયમર્યાદા જણાવાઇ છે. ગ્રંથકારના મતે મેરુ, પૃથ્વી, ચન્દ્ર અને સૂર્ય એ શાશ્વત-અવિનાશી પદાર્થો છે. આ રીતે આ ગ્રંથકારે પોતાના ગ્રંથનું સાતત્ય ઇચ્છયું છે.

ઉપર્યુક્ત **માણિક્યસુન્દરે ગુણવર્મકથા** રચી છે. એની વિ. સં. ૧૪૮૬ માં લખાયેલી [2]હાથપોથીમાં પણ ઉપર પ્રમાણેનો ભાવ પ્રદર્શિત કરતું પદ્ય છે. આ રહ્યું એ પદ્ય:—

"यावन्मेरुर्मही यावद् यावच्चन्द्रदिवाकरौ।
वाच्यमानो जनैस्तावद्
ग्रंथो(ऽ)यं भुवि नन्दतात(त्) ॥"

કપૂરવિજયના શિષ્ય માનવિજયે વિ. સં. ૧૮૫૩ માં પિંડપુરમાં **ગજસિંહભૂપચરિત્ર** રચ્યું છે એમાં એમણે 'કલશ'ની પહેલાની ઢાલમાં નીચે મુજબ કથન કર્યું છે:—

"ધ્રુ જયુ અચલ રહો ઇલપુર એ ગજસીહચરિત્ર જી"

આમ અહીં ગ્રન્થકારે પોતાની કૃતિની અચળતા -નિત્યતા ધ્રુવની જેમ રહો એવી ઇચ્છા પ્રદર્શિત કરી છે.

આ [1]હાથપોથીના અંતમાં નીચે મુજબનું પદ્ય છે:—

"जब लग मेरु अडग हे
त(? ज)ब लग ससी अर सूर।
ज (त)ब लग आ पोथी सदा
रेहजो गुणभरपूर ॥"

આ પ્રમાણે અહીં પોથી મેરુ અડગ-નિષ્કંપ-અચળ રહે અને જ્યાં લગી ચન્દ્ર અને સૂર્ય હયાત રહે ત્યાં સુધી આ પોથી ટકજો એમ કહ્યું છે.

વિ. સં. ૧૩૨૭ માં રચાયેલા [2]**સપ્તક્ષેત્રિરાસ**ની ૧૧૯ મી કડીની પહેલી બે પંક્તિ પ્રસ્તુત હોઈ એ નોંધુ છું.—

"જા સિ(? સ)સિ રવિ ગયણંગણિહિ ઊગઇ મહીમંડલિ
તા વરતઉ એઉ રાસુ ભવિય જિણસાસણિ"

૧ જુઓ Descriptive Catalogue of the Government Collections of Manuscripts ( Vol. XIX, sec. 2, pt. 1, No-204 ).

૨. એજન, ક્રમાંક ૧૮૭.

૧ એજન, ક્રમાંક ૧૭૧. ૨ આની રૂપરેખા મેં "ગુજરાતી જૈન સાહિત્ય 'રાસ' સન્દોહ" (લેખાંક ૩)માં આલેખી છે અને મારો આ લેખ "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" ( પુ. ૩૦, અં. ૧ )માં છપાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિ વાનાએ વિ. સં. ૧૬૮૨માં [૧]**જયાનન્દ-ચરિત્ર યાને જયાનન્દરાજર્ષિરાસ** રચ્યો છે. એના અંતિમ ભાગમાં એમણે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:-

જિહાં મહીઅલિ ધરઇ વલી મેર,
ધ્રૂમંડલ ચાલઇ નહીં સેર
જિહાં લગઈ તારા નઇ રવિ ચંદ
તિહાં લગિ રાસ કરો આણંદ

આમ અહીં મેરુ, ધ્રુવમંડળ, તારા, સૂર્ય અને ચન્દ્રનો નિર્દેશ કરાયો છે. આ ઉપરથી જોઈ શકાશે કે કેટલાક જૈન કવિઓએ પોતાતાના ગ્રન્થનું સાતત્ય ઇચ્છયું છે. મેં તો અંગુલીનિર્દેશ પૂરતાં જ ગુજરાતી ઉદાહરણો વિવિધ શતાબ્દીને અંગેનાં આપ્યાં છે, એમાં આવાં અન્ય ઉદાહરણો આપી વૃદ્ધિ થઇ શકે તેમ છે એટલે હવે સંસ્કૃત ગ્રન્થમાંથી આવું એક ઉદાહરણ હું રજૂ કરું છું.

જયસિંહસૂરિએ વિ. સં. ૧૪૨૨માં [૨]**કુમારપાલ-ચરિત** સંસ્કૃતમાં રચ્યું છે. એના અંતિમ પદ્યની નિમ્નલિખિત છેલ્લી બે પંક્તિ અત્ર પ્રસ્તુત છે:-

" यावत् पुष्यति मेदिनी सरसिजे
स्वर्णाचलः कर्णिका
भावं तावदिदं चरित्रममलं
प्रीणातु विद्वज्जनम्

જેમ ગુજરાતી અને સંસ્કૃત ગ્રન્થકારોએ ગ્રંથના સાતત્ય માટે અભિલાષા દર્શાવી છે તેમ કોઇ કોઈ પ્રાકૃત ગ્રંથકારે પણ તેમ કર્યું છે એ વાત હવે હું સૂચવું છું.

સમભાવભાવી હરિભદ્રસૂરિના પૂર્વવર્તી મનાતા ધર્મદાસગણિએ **ઉવએસમાલા** (ઉપદેશમાલા) રચી છે. એનું ૫૪૩ મું નિમ્નલિખિત પદ્ય અત્ર પ્રસ્તુત છે:—

" जाव य 'लवण'समुद्दो
जाव य नक्खत्तमण्डिओ मेरु।
ताव य रइया माला
जयम्मि थिरथावरा होउ ॥५४३॥ "

અહીં કહ્યું છે કે ઉવએસમાલા જ્યાં સુધી [૧]લવણ સમુદ્ર રહે અને જ્યાં સુધી 'મેરુ' નક્ષત્રોથી વિભૂષિત રહે ત્યાં સુધી આ જગતમાં સ્થિર-ટકી રહેજો.

**જૈન ધર્મનું સાતત્ય**—જેમ ગ્રંથોના સાતત્યને ઉદ્દેશીને ઉલ્લેખો મળે છે તેમ ઉદયતિલકના શિષ્ય અમરવિજયે વિ. સં. ૧૮૦૬ માં જે **કેસીકુમાર ચોપાઇ** રચી છે એના અંતમાં જૈનધર્મના સાતત્યને અંગે એમણે નીચે પ્રમાણે કથન કર્યું છે:—

" જાં લગ રાજ કરે સુર ઈંદા,
જાં લગ 'મેરુ' ગિરંદા જી
જાં લગ ભૂ ધ્રુ થિર રવિ ચંદા,
'જૈન'ધરમ ચિર નંદો જી "

અહીં જૈન ધર્મ ક્યાં સુધી સમૃદ્ધ રહે તે દર્શાવાયું છે. તેમ કરતી વેળા ઈન્દ્ર જ્યાં સુધી રાજ્ય કરે, મેરુ જ્યાં સુધી રહે, જ્યાં સુધી પૃથ્વી, ધ્રુવ સૂર્ય અને ચન્દ્ર રહે ત્યાં સુધીની મર્યાદા જૈન ધર્મ માટે જણાવાઈ છે.

**જૈન શાસનનો જયજયકાર** કક્કસૂરિના કોઈ શિષ્યે [૨]**કુલધ્વજકુમારપ્રબન્ધ** રચ્યો છે. એમાં એમણે નિમ્નલિખિત પંક્તિ દ્વારા જૈન શાસનનો જયજયકાર ઇચ્છયો છે તો હું રાગાદિ શત્રુના વિજેતા જિનવરના શાસનનો યથાર્થ લાભ લઇ એ રાગાદિ શત્રુઓ ઉપર વિજય મેળવનારનો જયજયકાર થાઓ એમ ઇચ્છું છું.

" મહી મેરુ જગિ દીપઇ ઇસાર,
તાં જિનશાસનિ જયંજયકાર. "

૧ જુઓ D C G' C M ( Vol. XIX, Sec. 2, pf. 1, No. 236 ).
૨ એજન ક્રમાંક ૧૩૫

૧. એજન ક્રમાંક ૧૬૭. ૨ એજન ક્રમાંક ૧૫૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિત અંગે તાત્વિક વિચારણા

લેખકઃ-શાહ ચત્રભુજ જેચંદ

કર્મગ્રંથ, તત્ત્વાર્થ વિગેરે જૈન દર્શન શાસ્ત્રના ગ્રંથોમાં સમ્યક્ દર્શન અને તેની પ્રાપ્તિ કેવી રીતે થાય તે સંબંધે ઘણું વિસ્તારપૂર્વક લખાયેલ છે જીવાત્માના અંતિમ ધ્યેય, પરમ આદર્શનો વિવેક કરનારે તે ખૂબ અભ્યાસ પૂર્વક સમજવા જેવું છે. સમકિતના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પ્રકાર અને તેની પ્રાપ્તિ માટે જીવાત્મા યથાપ્રવૃત્તિ કરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિ કરણપૂર્વક, ગ્રંથી પ્રદેશની જે અમૂક ભૂમિકામાંથી પસાર થાય છે તે ઘણું ચિંતન મનન માગે તેવું છે. તે ઘણું ખરૂં ખાસ પારિભાષિક શબ્દો ગ્રંથોમાં લખાયેલ છે. તેથી ધર્મશાસ્ત્રના વિશેષ અભ્યાસ સિવાય એકાદ લેખ ઉપરથી યથાર્થ સમજાવી શકાય તેવું નથી. તેથી આ લેખમાં સમકિત વિષેની સમજણ સરલ પડે તે રીતે આપવી યોગ્ય થશે.

સમકિત એ કોઇ બાહ્ય પદાર્થ કે પ્રકાશ નથી. દરેક જીવે પોતાના આત્મબળથી જ આવિર્ભાવ કરી તે મેળવવાનું છે. તેમાં કોઈ પૌદ્ગલિક બળ કે સાધન પણ કામના નથી. તે માટે ધર્મનો ઉપદેશ કે ધર્મના સાધનો નિમિત્ત રૂપે કામ કરે છે. તે ઉપદેશ અને સાધનો યથાર્થ રૂપે જીવને પરિણમવવા, સમજાવવા અને તેનો ઉપયોગ કરવો તે કાર્ય જીવાત્માનું પોતાનું છે. ઘણા લાંબા વખતથી માંદગી ભોગવનાર માણસ સાજો થવા, આરોગ્ય પ્રાપ્ત કરવા ઇચ્છે છે, અને તે માટે કોઈ વૈદ કે ડોકટરનો આશ્રય શોધે છે અથવા તેને કુદરતી મળી આવે છે. પણ વૈદ ડોકટર રોગની પરીક્ષા કરે, રોગ સાધ્ય લાગે તો અસરકારક ઉપાયો બતાવે, દવા આપે, રોગ પરત્વે ખાનપાનાદિની પરેજી પાળવા સમજાવે, પણ ડોકટર કહે તેમ દવા લેવી, પરેજી પાળવી વિગેરે રોગમુક્ત થવા માટે જોઈતું કરવાની ફરજ પાલન તો દર્દીની પોતાની છે; અને તેમ કરે તો દર્દી સાજો, નિરોગી થઈ શરીર સ્વાસ્થ્ય સુખ મેળવે. પણ જીવને સૌથી મહાનરોગ, જે વસ્તુ આત્માની પોતાની નથી તેને પોતાની માનવાની, જે વસ્તુ સદા નાશવંત છે તેને સતત્ વળગી રહેવાની, અને તે મેળવવા સતત્ પ્રવૃત્તિ કરવાની એવા મિથ્યાત્વ રૂપ, મહા મોહનીય રૂપ ભવરોગપણાનો છે. તે ભવરોગ તે જ જીવનો સંસાર અને સંસારમાં પરિભ્રમણ. જ્યાં સુધી જીવને સંસાર ભ્રમણ છે, એક ભવમાંથી બીજા ભવમાં જવા આવવાનું છે, મૃત્યુ અને જન્મ છે ત્યાં સુધી શરીરના મન, વચન, કાયાના રોગો દરેક ભવમાં આવવાના જ. નરક અને તીર્યંચ ગતિ એકલી દુઃખ રૂપ છે, મનુષ્ય ગતિમાં સુખ અલ્પ અને દુઃખ વિશેષ છતાં શરીરાદિક સુખ મળે તો પણ જન્મ જરા મૃત્યુના દુઃખ વેદના ભોગવવાના જ, દેવલોકમાં શારીરિક રોગો ન હોય પણ અભિમાન દ્વેષ, રાગ વિષયાદિક આસકિત રૂપ માનસિક રોગોથી દેવો ઘણા પીડાય છે અને આયુષ્ય પૂરૂ થવા આવતાં મનુષ્ય અને બીજી નીચી ગતિમાં જવું પડશે તેવા ભાનથી ઘણું માનસિક દુઃખ ભોગવે છે.

જીવે સંસાર ભ્રમણમાં પ્રાયઃ અતિશય દુઃખ અને ઘણું અલ્પ સુખ છે તેનો વિચાર એટલા માટે કરવાનો છે કે તે કઇ રીતે સંસારના દુઃખ સુખમાંથી સર્વથા મુક્ત થવાય? શારીરિક કે માનસિક કોઇ રોગ દુઃખ રહે નહિ, અને સંસારભ્રમણ સાથે અનિવાર્યપણે રહેલા જન્મ જરા મૃત્યુનો સર્વથા અંત આવે અને આત્મા શાશ્વતુ સુખ ભોગવે! કોઈક કાળે જીવાત્માને આવા વિચારો આવે છે જ. જીવમાત્ર સુખ ઈચ્છે છે અને મનુષ્ય તો સૌથી વિશેષ બુદ્ધિશાળી પ્રાણી છે તેથી સુખ મેળવવા તે સ્વાભાવિક રીતે વિશેષ પ્રયત્નો કરે જ.



For Private And Personal Use Only

એક વખત તેને એમ સમજાય છે કે તેણે અગાઉ અનંતકાળમાં અનંતા ભવો ધારણ કર્યા, મનુષ્ય દેવલોક વગેરે ચારગતિના ઘણા સુખ–દુઃખ ભોગવ્યા પણ તેને ક્યાંઈ ચીરસ્થાયી શાશ્વતુ સુખશાંતિ મળેલ નથી; સંસારમાં કોઈ સ્થળે શાશ્વત સુખ નથી એમ અંતરમાં લાગતા તેને સંસાર પ્રત્યે એક પ્રકારનો નિર્વેદ અથવા વૈરાગ્યભાવ પેદા થાય છે અને શાશ્વત સુખ શેમાં રહેલું છે, કેવી રીતે તે પ્રાપ્ત થાય તે સમજવાની જિજ્ઞાસા પેદા થાય છે. તેથી જીવાત્માને સંસાર સાથે ગાઢપણે જકડી રાખનાર રાગદ્વેષની ગ્રંથી રૂપ છુપો પણ તીવ્ર કષાયભાવ ભેદાઇ મંદ પડે છે. દીર્ઘકાલીન સ્થિતિવાળી મોહદશા ઘણી અલ્પકાલીન બને છે અને આત્મા પ્રશમભાવને પામે છે. આ પ્રમાણે ભવ્ય જીવાત્મા નદી પાષાણ ન્યાયે ઘડાતો ઘડાતો સમકિત પ્રાપ્તિની ભૂમિકામાં પ્રવેશ કરે છે. શાશ્વત સુખ માટે મોક્ષના અધિકારી તરીકે આપણે ભવ્ય જીવોનો જ વિચાર કરવાનો છે. અભવ્યો કદી મોક્ષ મેળવતા નથી. તેને સંસારભ્રમણમાંથી સર્વથા મુક્ત થવાના, પૌદ્ગલિક સંબંધો સિવાયનું કોઈ શુદ્ધ આત્મિક શાશ્વત સુખ યાને મોક્ષ હોવાની યા મેળવવાની તેને કદી અંતરમાં ભાવના પણ થતી નથી તેનું ગમે તેટલું ધર્માચરણ, તપશ્ચર્યા વગેરે પણ બાહ્ય એટલે પૌદ્ગલિકભાવે જ હોય છે. એની ગમે તેટલી ઉંચી કલ્પના સંસારમાં જ સુખ મેળવવાની રહે છે, જે સંસારનું સ્વરૂપ જોતાં અસંભવિત છે. આવા અભવ્ય કોટિના જીવોનો આપણે બહુ વિચાર કરવાની જરૂર નથી. કારણ ભવ્ય જીવોની સંખ્યાના પ્રમાણમાં અભવ્યો અનંતમાં ભાગે એટલે ઘણાજ ઓછા છે. સ્થૂલ ગણત્રીએ એક કરોડના એક ભાગે પણ ન હોય. તેથી અહીં જે વિચાર કરવાનો છે, તે ભવ્ય જીવોનો અને તેમની મોક્ષપ્રાપ્તિની પૂર્વભૂમિકારૂપ સમકિતપ્રાપ્તિનો વિચાર કરવાનો છે. ઉપર પ્રમાણે અનંતા ભવ ભ્રમણ કાળ પછી ભવ્ય જીવ એક વખત સમકિતપ્રાપ્તિની ભૂમિકામાં આવે છે. તે વખતે જીવાત્માએ ખરો પુરૂષાર્થ કોઇ શારીરિક બળનો નહિ પણ આત્મિક બળનો કરવાનો છે.

આ પુરૂષાર્થમાં જીવાત્માએ એક પ્રકારના દ્રઢ પરિણામ અથવા શુદ્ધ આત્મિક માનસિક ભાવ કેળવવાનો છે અને તેના વિરોધી પૌદ્ગલિક ભાવનો ત્યાગ કરવાનો છે. તે માટે

"सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्, तन्निसर्गादधिगमाद्वा"

પરમ ઉપકારી, આગમ પારગામી, મહાવિદ્વાન પૂર્વાચાર્ય વાચકશ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત तत्त्वार्थ सूत्र ના ઉપરના પદો જૈન દર્શન શાસ્ત્રના દોહન, નિષ્કર્ષ, સારરૂપ છે. અને તેની યથાર્થ સમજણમાં સમકિતપ્રાપ્તિ અને મોક્ષનો ઉપાય છે. બીજી રીતે કહીએ તો સમકિતપ્રાપ્તિથી જીવાત્મામાં તત્ત્વોનું, તેમાં કયા તત્ત્વો શાશ્વત સુખ માટે જ્ઞેય ઉપાદેય એટલે સારરૂપ અને કયા તત્ત્વો શાશ્વત સુખને બાધક એટલે હેય અસાર રૂપ છે તેનું આત્મ દર્શન એટલે તે જોવા સમજવાનો આત્મામાં એક પ્રકારનો ભાવ પરિણામ પેદા થાય છે અને તેમાં દ્રઢ શ્રદ્ધા હોય છે. આવી શ્રદ્ધા કોઇ તર્ક કે બુદ્ધિ પ્રયોગ વૈભવથી પ્રાપ્ત થતી નથી, પણ ઘણા ઘણા પૂર્વ ભવોના અનુભવ પછી સંસારના પૌદ્ગલિક ભાવો સંબંધો પ્રત્યે નિર્વેદ ઉદાસીનતા વૈરાગ્ય ભાવ પેદા થવાથી અને આત્માના અનંત જ્ઞાનાદિ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ માટે સંવેગ એટલે મોક્ષ અભિલાષા પેદા થવાથી થાય છે.

સમકિતરૂપી આવી શ્રદ્ધા મહદ્ અંશે નૈસર્ગિક કુદરતી હોય છે. પણ આવી નૈસર્ગિક શ્રદ્ધા બહુ ઓછા જીવોને પેદા થાય છે. મોટાભાગે તો તત્ત્વજ્ઞાનમાં, આત્મ સાધનામાં, મોક્ષમાર્ગ પ્રયાણમાં આગળ વધેલા પરોપકારી ધર્મગુરુઓ, અને ધર્મના વૈરાગ્ય સંયમ પોષક નિમિત્તો, શુદ્ધ સાધનો, અવલંબનોના અધિગમ–સમાગમથી પ્રાપ્ત થાય છે. એટલા માટે સમકિત પ્રાપ્તિમાં સદ્ગુરુ સમાગમ અથવા સતસંગ ઘણો જ ઉપયોગી મનાયો છે. ધર્મશાસ્ત્રનું શ્રવણ વાંચન તેમના તરફથી મળે છે. સમકિત અને ધર્મ પ્રાપ્તિના શુદ્ધ અવલંબનો, નિમિત્તો સાધનોની યથાર્થ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चार कषाय संबंधी एक उल्लेखनीय कृति

—ले० श्री अगरचन्द नाहटा

'श्री जैनधर्म प्रकाश' के पुस्तक ८१ अंक २ में प्रो० हीरालाल कापड़िया का एक लेख 'कषायो संबंधी साहित्य—सज्झायो' नामक प्रकाशित हुआ है। इसमें उन्होंने उनकी जानकारी में जितनी भी कषाय संबंधी सज्झायें आईं उनका विवरण दिया है। वैसी ओर भी कई छोटी छोटी सज्झायें मिलतीं हैं, और उनमें से कई तो प्रकाशित भी हो चुकी हैं पर यहां उनका विवरण न देकर हमारे संग्रह में जो एक महत्त्वपूर्ण और उल्लेखनीय इस विषय की रचना है उसीका परिचय इस लेख में कराया जा रहा है। अभी तक इस कृति की अन्य कोई प्रति कहीं भी प्राप्त नहीं हुई और हमारे संग्रह की प्रति में भी अन्तिम पत्र नहीं है। अन्तिम अंश प्राप्त न होने से कृति का वास्तविक नाम, रचनाकाल, रचनास्थान, आदि बातें निश्चित रूप से नहीं बतलाई जा सकती। फिर भी आवश्यक जानकारी दे दी जाती है।

प्रारम्भिक पद्य के अनुसार इस रचना का नाम चार कषाय संधि होना अधिक सम्भव है। यथा—

जिन चउवीस नमी करी, वली विशेषइ पास।
संखेसर मंडण सदा, आपइ लील विलास॥
॥१॥

सरसति कवीयण मातजी, हूं समरूं एक तांन।
वीणा पुस्तक धारणी, देज्ये अवरलवाण॥
॥२॥

क्रोधादिक च्यारे तणा, गाइ सु हूं पड़िबंध।
आगम माहइ बहु कह्या, सुण्यउ भविक ए संधि॥
॥३॥

---

સમજણુ અને ઉપયોગ પણુ ધર્મગુરુ મારફત વિશેષ થાય છે.

આ પહેલાના લેખમાં જીવ અજીવ તત્ત્વોની વિચારણા કરેલી છે. જીવ આત્મ તત્ત્વ છે અને અજીવ પૌદ્‌ગલીક અથવા જડ તત્ત્વ છે. આત્મ તત્ત્વ ચૈતન્યમય જ્ઞાન સ્વરૂપ છે અને તેના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં લોકાલોકના સર્વ પદાર્થો અને તેના સર્વ ભાવો પર્યાયો જોવા સમજવાની તેનામાં અનંતજ્ઞાન રૂપ શક્તિ છે. આત્મ તત્ત્વ તેના શુદ્ધ સ્વરૂપે જ્ઞાનમય, આનંદમય નિત્ય શાશ્વત સુખમય છે. તેના સંપૂર્ણ શુદ્ધ સિદ્ધદશામાં કર્મજન્ય કોઈ પૌદ્‌ગલિકભાવ શરીર સંબંધ નથી. કર્મથી એટલે જડ તત્ત્વથી સર્વથા મુક્ત થવાથી આત્મા અવિનાશી અજર અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે. આત્મ વિકાસની સર્વશ્રેષ્ઠ ભૂમિકા પરમાત્મ પદ પ્રાપ્ત કરે છે. જીવાત્મામાં સમકિતનું આ અંતિમ પરિણામ સિદ્ધિ યાને મોક્ષ પરિણમન છે. જીવાત્માને સમકિત પ્રાપ્તિનું અંતિમ ફળ સિદ્ધિ-પદ યાને પરમાત્મપદ જીવનનો અંતિમ આદર્શ દર્શાવવા માટે છે. જીવાત્માની સર્વ ધર્મ પ્રવૃત્તિનું એ અંતિમ ધ્યેય પરમ આદર્શ છે. તે ફળનું બીજ તો જીવને સમકિતપ્રાપ્તિ થાય ત્યારથી રોપાય છે. તે સમકિત રૂપી બીજ જીવાત્મામાં કેવી રીતે કામ કરે છે, જીવનમાં તેનો કેવી રીતે વિકાસ થાય છે અને પ્રભાવ પડે છે, સમકિતી જીવની વિચારધારા અને પ્રવૃત્તિ કેવી રીતના હોય છે, જીવનમાં તેનો કેવી રીતે સ્પર્શ અનુભવ થાય છે તે આગળ ઉપર વિચારશું.

---

નોંધઃ-સુધારો—આ માસિકના પોષ–મહામાસના અંકમાં સમકિત વિષે મારા લેખના ૩૬ મા પાને પ્રથમ સમ્યકત્વની પ્રાપ્તિ મનુષ્યગતિમાં જ થાય છે, તે રીતે લખેલ છે. પણ મનુષ્ય ઉપરાંત અન્ય દેવ નારક સંજ્ઞી તીર્યંચ પંચન્દ્રિય ગતિમાં પણ પ્રથમ વખત સમ્યકત્વની પ્રાપ્તિ થઈ શકે તેવી શાસ્ત્રીય માન્યતા છે. તત્ત્વજ્ઞો માટે આ ઘણી વિચારવા લાયક બાબત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इसके बाद चार ढालों में एक-एक कषाय का वर्णन किया गया है। क्रोध का १४ पद्यों में वर्णन करके अन्त के पद्य में कविने अपना ओर अपने गुरू का नाम दे दिया है। इसके अनुसार इस कृति का रचयिता पुण्यतिलक का शिष्य विद्याकीर्ति था यथा—

सीख सुणी ए रूवड़ी रे,
हृदय धरो सुविचार रे
पुण्यतिलक गुरू सानिधै,
विद्याकीरति सुखकार ॥ १८ ॥

दूसरी ढाल में मान कषाय का वर्णन पद्यांक ३४ तक में और तीसरी ढाल में माया का पद्यांक ४९ तक में वर्णन है। चौथी ढाल में लोभ का वर्णन पद्यांक ५९ तक इस कृति में है। इसके बाद का पत्र प्राप्त न होने से आगे ओर कितने पद्य हैं? निश्चित रूप से नहीं कहा जा सकता पर वर्णन से लगता है कि अधिक पद्य नहीं होंगे। दो-चार पद्यों में ही लोभ का वर्णन समाप्त करके कविने प्रशस्ति दे दी होगी।

प्राप्त प्रति ३ पत्रों की है। अक्षर बड़े और सुन्दर और बोर्डर बेल-फूलों से चित्रित है। प्रति १७ वीं शताब्दी की अर्थात् रचना के समय की ही लिखी हुई है।

जैन गुर्जर कविओ भाग ३ के पृष्ठ ९५६ में इसी विद्याकीर्ति की ३ रचनाओं का विवरण छपा है। नरवर्म चरित्र सं. १६६९, (२) धर्म बुद्धि मंत्री चोपई सं. १६७२। यह रचना दो खण्डों में है। इसकी जो प्रति प्राप्त हुई है उसमें ११ ढालों का प्रथम खण्ड तो पूरा है पर दूसरा खण्ड अपूर्ण है। प्रति १२ पत्रों की है। १३ ढाल के बाद अन्तिम पत्र नहीं है। प्रथम खण्ड के अन्त में कविने अपना परिचय देते हुये खरतरगच्छ के आचार्य जिनसिंहसूरि का उल्लेख किया है। प्रथम खण्ड की कुल गाथायें २०३ हैं। रचनाकाल की अंतिम प्रशस्ति न होने पर भी प्रतिके संवत् १६७२ बीकानेर में लिखे जाने का उल्लेख प्रथम खण्ड के अन्त में पाया जाता है। अतः यह प्रति भी रचना के समय की ही लगती है। (३) सुभद्रा सती चोपई, सं. १६७५, जैन शाला भण्डार, खंभात (४) मतिसागर (रसिक मनोहर) चोपई सं. १६७३ का० सरसा पाटण में रचित। इसकी प्रति हमारे संग्रह में है।

पांचवी रचना प्रस्तुत ४ कषाय संधि की प्रति का विवरण ऊपर दिया जा चुका है। कवि की अन्य रचनायें सं. १६६९ से १६७५ तक की मिली हैं। इस लिये कषाय संधि का रचनाकाल भी इसी के आस-पास का समझना चाहिये। कवि खरतरगच्छ की खेम शाखा में हुये हैं। जैन गुर्जर कविओं के अनुसार क्षेमराज-प्रमोद माणिक्य-क्षेम सोम-पुण्यतिलक यह गुरू परम्परा की नामावली है। पुण्यतिलक रचित नरपति जय चर्या वृत्ति और प्रहायु नामक दो ज्योतिष की रचनायें, प्राप्त हैं पर उनके रचयिता पुण्यतिलक विद्याकीर्ति के गुरू हैं या अन्य हैं, निर्णय करना शेष है।

प्रस्तुत ४ कषाय संधि में एक-एक कषाय का दोष बतलाते हुये अनेक दृष्टान्त कथाओं का उल्लेख कर दिया गया है। पाठकों की जानकारी के लिये क्रोध कषाय वाली पहली ढाल यहां दे दी जाती है। प्रारम्भ के तीन दोहे पहले दिये जा चुके हैं उसके बाद प्रथम ढाल चालू होती है—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

क्रोध म करिज्यो कोइ प्राणीया रे, क्रोधइ दुरगति थाय रे ।
तप जप जे करइ दुकरु रे, क्रोधइ सहूयइ जाय रे ॥ ४ क्रो०

आप तपइ परतापवइ रे, न गुणइ माय न बाप रे ।
सज्जन-न दुजन करइ रे, वली वषाणइ आपो आप रे ॥ ५ क्रो०

क्रोध थकी दुष पामीयइ रे, जेहनउ अंत न पार रे ।
कुंडरीक तणी परइ रे, सातमी नरक अपार रे ॥ ६ क्रो०

क्रोध करी बारम चक्री रे, बांभग काढी आंखि रे ।
नरग तणा दुख भोगवइ रे, ए सिद्धांतनी साख रे ॥ ७ क्रो०

अच्चंकारी सेठ धू रे, कीधउ क्रोध अलेष रे ।
वब्बर कूलइं भोगव्या रे, दुष आपद बहु देष रे ॥ ८ क्रो०

कूल वालूयइ साधुजी, क्रोध कीयउ सु विख्यात रे ।
श्रेणिक सुत कोणि(क) नृपइ रे, छट्ठी लहीय असात रे ॥ ९ क्रो०

मीन नेत्र मइ गर्भ जूरे, तंदुल मछ इणि नांम रे ।
मन परिनाम महाबुरा रे, क्रोधइ सातमी ठाम रे ॥ १० क्रो०

इम अनेक नर नारीयइ रे, पाम्यउ दुष असमान रे ।
मेतारज मुनि नीपरइ रे, करउ क्षमा सुप्रधान रे ॥ ११ क्रो०

गयसुकमाळ मुणीसरइ रे, करीय क्षमा रस पूर रे ।
कूड गयूड क्षमा लगी रे, कर्म कीया चकचूर रे ॥ १२ क्रो०

बाघणि भव सुत देषि नइ रे, सकोसलउ मुंणिद रे ।
उपसम रस जिन संचीयउ रे, तिणि प्रगटउ मुगति नरिंद रे ॥ १३ क्रो०

अवंती सुकमाळजी रे, पूरव भवश्री जाण रे ।
जंबु की पति आमिष भषइ रे, पामइ गुलणी विमाण रे ॥ १४ क्रो०

इम दिष्टंत अनेक छइ रे, कहितां नावइ पार रे ।
संभलि-नइ भवीयण सदा रे, ग्रहउ क्षमा रस सार रे ॥ १५ क्रो०

क्रोध तजउ उपसम धरउ रे, कूडा मकरउ विवाद रे ।
जिनें अवगुण उपजइ रे, तिणि केहउ सवाद रे ॥ १६ क्रो०

घणुं किसुं ते भाषीयइ रे, क्रोधथी नरगनो ठांम रे ।
उपसम मन नितु आणीयइ रे, जिमलहीयइ सिव गांम रे ॥ १७ क्रो०

सीष सुणीए रूवडी रे, हृदय धरउ सुविचार रे ।
पुण्यतिलक गुरू सांनिधइ रे, विद्याकीरति सुषकार रे ॥ १८ क्रो०

विद्याकीर्ति की रचनाओं का प्रचार अधिक नहीं हुआ, इसलिये कषाय संधि की दूसरी प्रति मिलना कठिन ही लगता है फिर भी यदि किसी को इस प्रति का अंतिम पत्र या दूसरी प्रति मिल जाय तो मुझे सूचित करने का अनुरोध करता हूं। धर्म बुद्धि चोपई के दूसरे खण्ड के अवशेष अंश की भी खोज की जानी आवश्यक है।

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ. સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only